

# ૪. ગિલી ગિલી છૂ...

## ગીત : અજબ જેવી વાત છે



નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,
એ તે કેવી અજબ જેવી વાત છે !

નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મજાનું,
એ તે કેવી અજબ જેવી વાત છે !



નાના મારા કાન, એ સાંભળે દઈ ધ્યાન,
એ તે કેવી અજબ જેવી વાત છે !

નાનું મોઢું મારું, એ બોલે સારું સારું,
એ તે કેવી અજબ જેવી વાત છે !



નાના મારા હાથ, એ તાળી પાડે સાથ,
એ તે કેવી અજબ જેવી વાત છે !



પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તે કેવી અજબ જેવી વાત છે !

– ઉપેન્દ્રાચાર્ય

વાર્તા :

# વાંસળીવાળો



૧૯ ૧૯ ૧૯

નદીકિનારે એક ગામ હતું. એ ગામમાં ઉંદરોનો ભારે ત્રાસ હતો. જ્યાં જુઓ ત્યાં ઉંદર જ ઉંદર. ઘરમાંય ઉંદર ને આંગણામાંય ઉંદર. રસોડામાંય ઉંદર ને પરસાળમાંય ઉંદર. પેટીમાંય ઉંદર ને કબાટમાંય ઉંદર. મોટા ઉંદર ને નાના ઉંદર. જાડા ઉંદર ને પાતળા ઉંદર. કાળા ઉંદર ને ધોળા ઉંદર. બસ, જ્યાં જુઓ ત્યાં ઉંદર જ ઉંદર! ઉંદરની ફોજ આખા ઘરમાં ફર્યા કરે. આખો દિવસ ચૂંચું ચૂંચું કર્યા કરે.

ઉંદરો તો બરણી પાડે. ભીંતોમાંય કાણાં પાડે. કપડાં ફાડી ડૂચા કરે. કાગળ કાપી કૂચા કરે. ગામના લોકો બિચારા કરે શું ? ન સુખે ખાઈ શકે, ન સુખે પી શકે, ન સુખે બેસી શકે, ન સુખે ઊંઘી શકે. આમ જાઓ ત્યાં ચૂં...ચૂં...ચૂં... તેમ જાઓ ત્યાં ચૂં...ચૂં...ચૂં..., જ્યાં જાઓ ત્યાં ચૂં...ચૂં...ચૂં.

એક દિવસની વાત છે. ગામમાં એક વાંસળીવાળો આવ્યો. એણે પીળો ડગલો પહેર્યો હતો. માથે લાલ ટોપી. લાંબા લાંબા વાળ ને ટૂંકી દાઢી. એ વાંસળી વગાડતો ગામમાં ફરવા લાગ્યો. લોકોએ પૂછ્યું, ‘‘ભાઈ, તારી વાંસળી કેવી ?’’ વાંસળીવાળો કહે, ‘‘કમાલ કરે એવી.’’ લોકો કહે, ‘‘તો અમારું આટલું કામ કરને. અમે ઉંદરથી ત્રાસી ગયા છીએ. અમને આ ઉંદરોના ત્રાસથી છોડાવ.’’ વાંસળીવાળો કહે, ‘‘કામ તો કરું, પણ બદલામાં એક હજાર રૂપિયા લઉં.’’

ગામલોકો કહે, ‘‘કબૂલ... કબૂલ!’’ વાંસળીવાળો ગામને પાદરે ગયો. રસ્તા વચ્ચે ઊભો રહ્યો ને ઊભો ઊભો વાંસળી વગાડવા લાગ્યો. વાંસળીના સૂર ગામમાં રેલાવા લાગ્યા. એ સાંભળીને બધા ઉંદરો ભેગા થવા લાગ્યા. મોટા ને નાના, જાડા ને પાતળા, બધા ઉંદરો આવવા લાગ્યા. કોઈ ઉંદર નાચતાં નાચતાં આવ્યા. કોઈ ઉંદર કૂદતાં કૂદતાં આવ્યા. વાંસળીવાળો આગળ ચાલ્યો. ઉંદરની ફોજ એની પાછળ પાછળ. એમ કરતાં નદી આવી. વાંસળીવાળો નદીમાં ઊતર્યો. ઉંદરો પણ નદીમાં ઊતરવા લાગ્યા. વાંસળીવાળો નદીની સામે પાર ગયો પણ ઉંદર બધા પાણીમાં તણાઈ ગયા! હવે ગામમાં એકેય ઉંદર ન રહ્યો. ગામલોકો ખૂબ રાજી થયા. બધાએ વાંસળીવાળાને શાબાશી આપી. વાંસળીવાળો કહે, ‘‘લાવો

હજાર રૂપિયા.'' લોકો કહે, ''આ તો બધી હસવાની વાતો. ઉંદર મારવાના કાંઈ હજાર રૂપિયા હોય ?'' વાંસળીવાળો કહે, ''રૂપિયા આપો, નહિ તો પસ્તાશો.''

પણ ગામલોકો ન માન્યા. વાંસળીવાળો કંઈ બોલ્યો નહિ. એણે કેડેથી વાંસળી કાઢી જુદા સૂરમાં વગાડવા માંડી. વાંસળીના સૂર હવામાં રેલાવા લાગ્યા ને ગામનાં ઘરોમાં ફેલાવા લાગ્યા. પછી તો પૂછવું જ શું ? ઘરોમાંથી છોકરાં બહાર આવવા લાગ્યાં. નાનાં છોકરાં આવ્યાં ને મોટાંયે આવ્યાં. કોઈ નાચતાં આવ્યાં ને કોઈ કૂદતાં આવ્યાં. વાંસળીવાળો વાંસળી વગાડતો નદી તરફ ચાલ્યો. ગામલોકો કહે, ''એય છોકરાં ઊભા રહો !''

પણ છોકરાં ઊભાં રહે તો ને ! એ બધાં તો નદી તરફ ચાલ્યાં જાય! ગામલોકો ગભરાયા. એમને ચિંતા થઈ કે બધાં છોકરાં પાણીમાં ડૂબી જશે તો ? એક હજાર રૂપિયા લઈ એ દોડ્યા. વાંસળીવાળા પાસે આવીને કહે, ''ભાઈ, વાંસળીવાળા, લે તારા હજાર રૂપિયા, અમને અમારાં છોકરાં પાછાં આપ.'' વાંસળીવાળાએ વાંસળી વગાડવી બંધ કરી.

ગામના લોકો પાસેથી હજાર રૂપિયા લીધા. એણે બધાં છોકરાંને પાછાં સોંપ્યાં એ વાંસળી વગાડતો ચાલી નીકળ્યો.

## ☞ વાતચીત :

વાર્તા પરથી નીચેના જેવા પ્રશ્નો પૂછો :

- ગામમાં ઉંદર ક્યાં ક્યાં હતા ?
- તમને શું વગાડતાં આવડે છે ?
- ઉંદર શું કરતા હતા ?
- વાંસળીવાળાએ ઉંદરોનું શું કર્યું ?
- તમને ઉંદરની બીક લાગે છે ? શા માટે ?
- તમારા ઘરમાં ઉંદર છે ?
- આ વાર્તામાંથી તમને કયા શબ્દો યાદ રહ્યા ?
- તમારા ઘરમાં ઉંદરો આવે તો તમે શું કરો છો ?
- તમે વાંસળીવાળાનું નામ શું પાડશો?

## અભિનય :

આ વાર્તાનો અભિનય કરાવો.

૨૧ ૨૧ ૨૧

## વાંચો :

વાક્યો મોટેથી વંચાવો :

(૧) મગન મગ જમ. (૨) મનન નમ.

(૩) જમના જાગ. (૪) ગગન ગામ જા.

(૫) નમન નમ.

## વાંસળી વગાડવાનો અભિનય કરો અને નીચેના પ્રશ્નો પૂછો :

(૧) વાંસળીમાં કેટલાં કાણાં હોય ?

(૨) એમાંથી કેટલા સૂર નીકળે ?

## ઓળખો :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ન | જ | ન | જ | ન | ગ | |
| મા | જ | ન | મા | ગ | મ | |
| ગ | ગ | ગા | મા | જા | મા | ના |
| જ | ગ | જ | જા | મા | ના | |
| ના | ન | ના | ન | મ | ના | |
| ગા | ગ | જ | ગા | મા | ના | ગા |
| જા | જ | જા | મ | જા | મા | જા |
| મ | મ | મા | જ | જા | મા | |

☞ વિદ્યાર્થીઓને મૂળાક્ષર શોધી તેના પર રંગ પૂરવા કહો.

## જાદુ :

છોટે જાદુગર જાદુ શીખે છે. એ કેટલાક શબ્દો બોલશે એમાં જે **ન** **મ** **ગ** **જ** **ના** **મા** **ગા** કે **જા** આવે ત્યારે બાળકો મોટેથી બોલશે **'ગિલી ગિલી છૂ...!'** વારાફરતી નીચેના શબ્દો મોટેથી બોલો, બાળકોને 'ગીલી ગીલી છૂ' બોલવા કહો.)




| | |
|---|---|
| કેળાં | ચકલી |
| નમ | કાગડો |
| માન | કાબર |
| જામફળ | જાન |
| બપોર | ગાયન |
| માન | સાકર |
| સાગર | મજા |

ઉપરના શબ્દોમાંથી જેમાં **ન, મ, ગ, જ, ના, મા, ગા** કે **જા** આવ્યા હોય તે શબ્દો શોધી ◯ કરવા કહો.

## પૂરું લખો :

અક્ષરો ઉંદરોએ કાપી નાખ્યા છે. આ અક્ષરો પૂર્ણ કરાવો :



**વંચાવો :**




નમ નમ નમ નમ

ગામ ગમ ગામ ગમ ગમ ગમ





જમ જમ જામ જામ ગમ

નમ ગમ જમ જમ ગમ નમ

નન મમ ગગ જજ

જજ ગગ મમ નન

**જોડાવો :** ત્યાર બાદ આનુષંગિક વાચન-પદ્ધતિથી વંચાવો.

| | |
|---|---|
|  | નગારું |
|  | ગાડું |
|  | ગાજર |
|  | જલેબી |
|  | નાક |
|  | મરચું |
|  | જાસૂદ |
|  | માળા |

લખાવો :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ |
| મ | મ | મ | મ | મ | મ | મ | મ | મ |
| ન | ન | ન | ન | ન | ન | ન | ન | ન |
| જ | જ | જ | જ | જ | જ | જ | જ | જ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગા | ગા | ગા | ગા | ગા | ગા | | | | | |
| મા | મા | મા | મા | મા | મા | | | | | |
| ના | ના | ના | ના | ના | ના | | | | | |
| જા | જા | જા | જા | જા | જા | | | | | |
| ગામ | | | મામા | | | | જાગ | | | |
| જાન | | | માન | | | | નાગ | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૫ | ૨૫ | ૨૫ | | |

ગમ્મત :

